# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-06-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

# PM MANN KI BAAT

આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદ શહેરમાં લાખો વૃક્ષો વાવવાના મહાનગરપાલિકાના અભિયાન વિશે વાત કરી. તેમણે કહ્યું કે આ અભિયાનની એક ખાસ વિશેષતા છે - સિંદૂર વન. આ જંગલ ઓપરેશન સિંદૂરના નાયકોને સમર્પિત છે.

(બાઇટ: PM ON SINDOOR VAN)

શ્રી મોદીએ જણાવ્યું કે, આરોગ્યથી લઇને સામાજિક સુરક્ષા સુધી દેશ તમામ ક્ષેત્રોમાં ઝડપથી આગળ વધી રહ્યો છે. આજે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં રાષ્ટ્રને સંબોધન કરતા શ્રી મોદીએ આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનનાં એ અહેવાલનો ઉલ્લેખ કર્યો જેમાં જણાવવામાં આવ્યું છે કે , દેશની 64 ટકાથી વધુ વસ્તી અને 95 કરોડ લોકોને કોઇને કોઇ સામાજિક સુરક્ષાનો લાભ મળી રહ્યો છે.

(બાઇટ: PM ON SOCIAL SECURITY)

. . . . . . . . . . .

# MANSUKH MANDVIYA BHAVNAGAR

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ કહ્યું , સાયકલએ નાના માણસનું વાહન ન રહેતા તેને સ્વાસ્થ્યના રક્ષક તરીકે જોવી જોઈએ. ભાવનગર જિલ્લાના પાલિતાણામાં 'સંડે ઓન સાયકલ' કાર્યક્રમમાં તેમણે આ મુજબ જણાવ્યું હતું. આ સાયકલ યાત્રા પાલિતાણા શહેરમાં બજરંગદાસ બાપા ચોકથી શરૂ થઈને સરવૈયા ફાર્મ ખાતે પૂર્ણ થઈ હતી. જેમાં મોટી સંખ્યામાં સ્વચ્છતા કર્મચારીઓ , NSS અને માય ભારતનાં સ્વયંસેવકોએ ભાગ લીધો હતો. ત્યારબાદ , શ્રી માંડવિયાએ નોંધણવદર, નેસડી, હણોલ, આંકોલાળી, લોઈંચડા અને સેંજળીયા ગામોમાં વૃક્ષારોપણ કર્યું હતું.

આજે સમગ્ર દેશમાં 6 હજારથી વધુ સ્થળોએ સ્વચ્છતા સેનાનીઓ સાથે સનડે ઓન સાયકલનો કાર્યક્રમ યોજાયો હતો.

. . . . . . . . . . . .

# MAHISAGAR VAVANI

રાજ્યમાં વરસાદ સારો થતાં ખેડૂતો વાવણીમાં જોતરાયા છે. ત્યારે મહીસાગર જિલ્લામાં ખેડૂતોએ ડાંગરના ધરુંની ફેર રોપણી લાયક વરસાદ થતાં ડાંગરની રોપણી શરૂ કરી છે. ખેડૂતોએ પણ સારો પાક થાય તેવી અપેક્ષા રાખી છે.

(બાઈટ : બિપિન પટેલ, ખેડૂત)

. . . . . . . . . . . .

# GUJARAT RAIN

રાજ્યના 102 તાલુકામાં આજે વરસાદ નોંધાયો છે. અમદાવાદ જિલ્લાના બાવળા અને વિરમગામમાં એક ઇંચથી વધુ વરસાદ પડ્યો છે. જ્યારે નવસારીના ખેરગામ અને સુરતના ઉમરપાડામાં પોણા ઇંચ વરસાદ વરસ્યો છે. અત્યાર સુધી રાજ્યમાં સિઝનનો સરેરાશ 31 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે.

ભારે વરસાદને પગલે રાજ્યના 19 જળાશય હાઇએલર્ટ પર છે જ્યારે 13 જળાશય એલર્ટ પર છે. રાજ્યની જીવાદોરી સરદાર સરોવર નર્મદા ડેમમાં પાણીની આવકમાં વધારો થયો છે. મધ્યપ્રદેશના ઉપરવાસમાંથી 54 હજાર 32 ક્યુસેક પાણીની આવક થઈ છે. હાલ નર્મદા ડેમની જળ સપાટી 118.08 મીટરે પહોંચી છે. ત્યારે નર્મદાની મુખ્ય નહેરમાં 12 હજાર 200 ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.

. . . . . . . . .

# CHARDHAM YATRA

ઉત્તરાખંડમાં અતિ ભારે વરસાદનાં એલર્ટને પગલે ચાર ધામ યાત્રાને આગામ 24 કલાક માટે સ્થગિત કરવામાં આવી છે. પોલિસ અને વહીવટીતંત્રએ યાત્રાળુઓને હરિદ્વાર , ઋષિકેશ, શ્રીનગર, રૂદ્રપ્રયાગ, સોનપ્રયાગ અને વિકાસનગરમાં અટકાવવા નિર્દેશ આપવામાં આવ્યા છે.

. . . . . . . .

# SURAT DEMOLITION

સુરત જિલ્લા પંચાયત દ્વારા 100 કરોડ રૂપિયાથી વધુની કિંમતની સરકારી જમીન પરથી અનઅધિકૃત દબાણો દૂર કરાયા છે. સુરત રેલવે મથક નજીક દિલ્લી ગેટ, રિંગરોડના વોર્ડ નં. ૭, સિટી સર્વે નં. ૬ની અંદાજે 8 હજાર 37 ચોરસ મીટર વિસ્તારની જિલ્લા પંચાયતની માલિકીની જમીન પર દબાણકારોએ ગેરકાયદેસર દબાણ કરી કબજો જમાવ્યો હતો. નોટિસ આપ્યા પછી પણ જગ્યા ખાલી ન કરતા આ દબાણો જિલ્લા પંચાયતે હટાવ્યા છે.

. . . . . . . .

# સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા  હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ  આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.  વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ  newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)